# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

લઈ ટેસડો પીધી છે મેં ચૂસકી ભરી ભરી,
ચાહત ને ચા સદા મને અડધી ભલે મળી.
કોનાં દબાણમાં કરી પેપર તપાસણી?
સાચા જવાબમાં ય તેં મારી છે ચોકડી
કોઈ વિલાસી મહેલની લાલચ નથી જરી,
પ્રેમે લીંપી છે માએ અમારી આ ઝૂંપડી.
શંકા અહમનાં દોરડે લટકી ગયો હશે,
સંબંધ કુદરતી રીતે મરતો હશે કદી!

- રાજેશ હિંગુ

## પાથેય

- રમેશ ઠક્કર

### ઝંખનાનું પ્રેત

'પ્રણય ની પારખુ દ્રષ્ટિ અગર તમને મળી હોતે..તમે મારી છબી ભીંતે નહીં દિલ માં જડી હોતે..' આવો વસવસો આપણી તીવ્ર અભિપ્સાના કાટમાળ જેવો બની રહે છે..માણસમાત્રને એવું લાગતું હોય છે કે સામેની વ્યક્તિને આપણી કદર નથી..આપણા કામની કોઈને ખબર નથી..આપણી ઉપર કોઈની નજર નથી..યાદી અસ્ખલિત હોવાની. એને સૌથી મોટી તલાશ હોય છે કે કોઈક પોતાની કદર કરે.લોકોને જાણે સાચી વસ્તુની પરખ જ ના હોય એવી એક ગ્રંથિ એનામાં ઘર કરી ગયેલી હોય છે.માણસને જો કાયમી ફરિયાદ હોય તો એ છે કે મને કોઈએ સાચી રીતે સમજી નથી શક્યું?! અન્યની સામેમારી વાત હું યોગ્ય રીતે મૂકી શક્યો નહીં.માણસનો આ અભાવ સમજવા જેવો છે.

ઝંખના એ માણસને વળગેલું પ્રેત છે...હમણાં એક કવિ સાથે એક હોટલમાં જવાનું થયું..ત્યાં અમારા બંનેના એક ચાહક મળી ગયા..ગદગદ થઈ ગયા...અમારા માટે ચા નાસ્તો લઈ આવ્યા દોડાદોડ.અને હરખ..'તમને કવિ સંમેલનમાં જોયા છે..આજ પહેલીવાર રૂબરૂ મળ્યા' એમણે કહ્યું..મારી સાથેના કવિ મિત્ર ભાવવિભોર થઈ ગયા..'કેટલો નિસ્વાર્થ ભાવ..!કોઈ માણસ કોઈપણ જાતની અપેક્ષા વગર કોઈને ચાહી શકે એ વાત જ મને તો નવાઈભરી લાગે છે..' એ બોલ્યા..અપેક્ષા રહિત સંબંધો રાખનારા જેને મળે છે એ લોકો ખરેખર સદનસીબ હોય છે..એવા માણસને કવિતા લખવાની જરૂર પડતી નથી..!"

આખરે માણસ કવિતા શું કામ લખે છે ? ફિક્સનમાં શું કામ મગ્ન બની જાય છે ? ઘર છોડીને એ દૂર કોઈ શું કામ જતો રહે છે ? એની પાછળ એની અતૃપ્ત ઈચ્છાઓ રહેલી છે.એને કશુંક કહેવું છે. પરંતુ એની સામે જે જીવંત છે,લાગણીના તંતુથી જોડાયેલું છે,ત્યાં આવી આદાન-પ્રદાનની શક્યતા નહીંવત હોય છે.એ જે કંઈ કહે છે એનો બરાબર પડઘો પડતો નથી.એવું એને લાગે છે.એટલે જ એ ક્યારેક આભાસી દુનિયામાં કે કલ્પનાજગતમાં વિહાર કરતો રહે છે.

આજના જગતનો જો કોઈ મોટો અભિશાપ હોય તો એ છે એકાકીપણું. એક જમાનો હતો કે નાના અમથા ગામડાઓમાં,ગારમાટીના કાચા ઘરોમાં માણસો એકબીજા સાથે પોતપોત થઈને જીવતા.જે કંઈ અભાવો હતા, કે સુખ સાહેબ બી હતી એ સહુમાં જાણે મજિયારાપણાનો ભાવ અનુભવાતો. માણસને માણસ ગમતો. આજે પરિસ્થિતિ સામા છેડાની છે.આભાસી સ્ક્રીન ઉપર એકબીજાને સતત ફોલો કરતા લોકો જ્યારે સામે આવે છે ત્યારે એકમેકની ચહેરા તરફ જોવાની પણ તસ્દી લેતા નથી.આવી? તકલાદી દોસ્તી ઉભય પક્ષે કોઈ લાગણીનો સંચાર ઉભો કરી શકતી નથી.એમાં શુષ્કતા છવાયેલી હોય છે. આ સંબંધો ની કોઈ બી નાશ હોતી નથી અને એટલે જ એ જેટલા ઝડપથી બંધાય છે એના કરતાં ઓછા સમયમાં એ વિલાઈ જાય છે. માણસ દરિયા વચ્ચે એકાદ મીઠાજળની છાલક શોધતો હોય એવી એની દશા થાય છે.ક્રમશઃએ શુષ્કતાનો પર્યાય બની જાય છે.આજના માણસને એકલતાનો અભિશાપ કોઠે પડી ગયો છે..વળીવળીને એને એક જ વસવસો રહે છે કે મને જો યોગ્ય ચાહત મળી હોત તો કદાચ એ જ મારા જીવનની સાચી રાહત બની રહી હોત !

એક માણસ બીજા માણસને પ્રેમથી ચાહે એ જ જીવનનું સાર્થકય હોય છે..વાતવાતમાં આપણી અતૃપ્તિ ડોકાય કે..કોઈકના તરફની અધુરપ ભોંકાય એ છીછરા જીવનની નિશાની હોય છે..અંતરની અમીરાત એ કોઈ વિશાળ મહોલાતથી જરા પણ કમ નથી હોતી..જગત હંમેશાં એકબીજાના નિર્વ્યાજ આદાનપ્રદાન ઉપર ચાલે છે..લાગણીનો વ્યવહાર જોખી જોખીને ને નહી પરંતુ સહજપણે થાય ત્યારે પરિતૃપ્તિ થતી હોય છે..સામેની વ્યક્તિની નજર હંમેશાં પારખુ જ હોય છે...ફકત આપણી અપેક્ષાઓ જ બેબાકળી હોય છે...

# અમદાવાદનાં જ્યોતિબહેન પંડ્યાએ એક કરોડ રૂપિયાનાં પુસ્તકોને 'કન્યા વિદાય'ની જેમ યુનિવર્સિટીમાં વળાવ્યાં...



પહેલું કિરણ
રમેશ તન્ના



અમદાવાદમાં રહેતાં જ્યોતિબહેન પંડ્યાનો મને ચિત્રકાર-ડિઝાઈનર શ્રી રમેશ હાલારીની મદદથી પરિચય થયો હતો. તેમના અને તેમના જીવનસાથી (હવે સ્વર્ગસ્થ) પરેશ પંડયા વિશે જાણ્યું ત્યારે જ નક્કી કર્યું હતું કે આ સુંદર, હકારાત્મક અને માનવીય ગાથા ગાંધીનગર સમાચારના વાચકો સુધી ચોક્કસ પહોંચાડીશ.

એમાંય મને જ્યોતિબહેનની એ વાત તો એટલી બધી સ્પર્શી ગઈ હતી કે તેમણે પોતાના પતિનો પુસ્તકોનો દુર્લભ કહી શકાય તેવો મોટો ખજાનો, જાત તપાસ કરીને ભેટ આપ્યો.

એ વાત કરતાં કરતાં તેમણે ભીના સ્વરે કહ્યું હતું કે ભગવાને અમને દીકરી નથી આપી, પણ જ્યારે હું આ બધાં પુસ્તકોને યુનિવર્સિટીમાં મોકલવા માટે ભરાવતી હતી ત્યારે મારી દીકરીને વળાવતી હોઉં એવું મને લાગતું હતું.

વાહ કેવી ઉમદા અને સરસ ભાવના !

★★

જ્યોતિબહેનને મળવા માટે આપણે અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં કર્મચારીનગરમાં જઈએ.

અહીં એક ટેનામેન્ટમાં પ્રવેશ કરો. કળાદ્રષ્ટિથી મંજાયેલું- સજાવેલું આ સુંદર ઘર પરેશ પંડ્યા અને જ્યોતિ પંડ્યાનું છે.

ના, આ ધબકતા- ચેતનવંતા ઘરમાં તમને હવે પરેશભાઈ નહીં મળે. તેમણે તો સાવ અણધારી વિદાય લીધી. તેમનાં જીવનસાથી- સહધર્માચારિણી જ્યોતિબહેન પરેશભાઈની સ્મૃતિઓને આંખોમાં- ચિત્તમાં- મન-હૃદયમાં સાચવીને 'સમાજની શ્રદ્ધા' ને વધુ મજબૂત કરી રહ્યાં છે. પરેશભાઈ પંડ્યાની આખી જિંદગીની કમાણી જેવાં ૧૬ હજારથી વધુ પુસ્તકોને તેમણે એક યુનિવર્સિટીના પુસ્તકાલયમાં ભેટ આપ્યાં. આખી કથા જાણવા જેવી છે.

પહેલા પરેશભાઈનો પરિચય મેળવીએ.

પરેશભાઈ પંડ્યા 'સેન્ટર ફોર મેનેજમેન્ટ એક્સલેન્સ' ના સ્થાપક અને સંચાલક હતા. ખૂબ રૂપાળા. રંગે રૂડા, રૂપે પૂરા અને ગુણે પણ સહેજે નહીં અધૂરા. ચેતનાથી છલકાતા. સોહામણા. તેમને જોતાંની સાથે જ યુવાનોમાં ઊર્જા આવી જતી. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન સાથે તેઓ ગાઢ રીતે સંકળાયેલા. એએમએના તેઓ મહત્ત્વના ફેકલ્ટી હતા.

તેઓ વિચારક, લેખક, ટ્રેનર, શિક્ષક, કોચ, મેન્ટર, મોટિવેશનલ સ્પીકર અને ધબકતા માણસ હતા. મેનેજમેન્ટ ઉપરાંત ઘણા વિષયો પૂરા અધિકારથી ભણાવતા. કોર્પોરેટ કંપનીઓ માટે આર્થિક બાબતો, વહીવટ અને મેનેજમેન્ટના પ્રશ્નોના નિરાકરણમાં તેમની મહારથ હતી. તેઓ મેનેજમેન્ટના પ્રોગ્રામ ડિઝાઈનર હતા. તેની ભારે માગ રહેતી હતી.

સાયકોલોજી વિષય સાથે બી.કોમ. કર્યા પછી તેમણે એલએલબી. કર્યું હતું. આરામથી વકીલાત કરી શકે તેમ હતા, પણ વ્યવસાયના ભાગરુપે ખોટું બોલું પડે એ બાબત તેમને કઠી. એ રસ્તો જ છોડી દીધો.

પિતાના કારણે અમેરિકા જતા-આપતા —રહેતા. તેમણે ગ્રીનકાર્ડ પણ મળ્યું હતું. હોનાહાર હતા- પ્રતિભા ઠાંસોઠાંસ હતી. ધાર્યું હોત તો આરામથી અમેરિકામાં રહી શક્યા હોત. ડોલરમાં રમતા હોત. પોતાનું ચાર્ટર પ્લેન ઉડાડતા હોત પણ તેમણે વિચાર્યું કે 'પૈસા ખર્ચીને આ દેશ (અમેરિકા) માત્ર પોતાના પ્રશ્નો સોલ્ કરી રહ્યો છે.' કેવું જબરજસ્ત અવલોકન!

તેઓ પૈસાપાત્ર અમેરિકાની સ્વાર્થવૃત્તિને ઓળખી ગયેલા. વતનપ્રેમે તેમને ભારત- ગુજરાત તરફ ખેંચ્યા.

તેઓ જ્યારે પોતાની ગ્રીનકાર્ડ જમા કરાવવા ગયા ત્યારે કોન્સ્યુલેટે પરેશભાઈને આશ્ચર્ય સાથે પૂછ્યું હતુઃ 'તમને ખબર છે, તમે શું કરી રહ્યા છો?' (એમ પણ કહ્યું કે તમે એવું સાબિત કરી રહ્યા છો કે અમે સારા માણસો નથી. એટલે તમે અમારી સાથે રહેવા માગતા નથી.)

આ પ્રશ્ન પહેલાં પરેશભાઈ અને જ્યોતિબહેને સાથે બેસીને અમેરિકા રહેવા-ના રહેવાના પ્લસ—ઈનસ પોઈન્ટ વિચારી જોયા હતા.

પિતા લક્ષ્મીનંદન પંડ્યા અમેરિકા રહેતા હતા તેથી તેમની સાથે રહેવાના લાભ સિવાય પરેશભાઈને બીજો કોઈ અમેરિકા રહેવાનો ફાયદો દેખાતો નહોતો. જ્યારે જરૂર પડે ત્યારે અમેરિકા પિતાને મળવા અને સાથે રહેવા આવી શકાય તેવા વીઝા-સ્ટેટ્સ સાથે પરેશભાઈ અને જ્યોતિબહેન આનંદથી, વિમાનમાં બેસીને નહીં, ઉડતાં ઉડતાં ભારત આવેલાં.

ચકો અને ચકી એકદમ ખુશખુશાલ.

જ્યોતિબહેન યુનાઈટેડ ઈન્ડિયા ઇન્સ્યોરન્સમાં નોકરી કરે અને પરેશભાઈ એએમએ અને પોતાનું સેન્ટર ધમધમાવે!

... અને એક દિવસ. નોકરી ગયેલાં જ્યોતિબહેનનું મન અકળ રીતે મૂંઝાવા લાગ્યું. સતત જીવ બળે. ફોન કરીને પરેશભાઈને કહ્યું કે મને આજે સારું લાગતું નથી. એ દિવસે તેમણે, નવાઈ લાગે તે રીતે, પરેશભાઈને તેમણે વારંવાર ફોન કર્યા, ઘણા ફોન કર્યા. સાંજે બન્ને જણ ફેમિલી ફિઝીશીયન પાસે ગયાં. ડૉક્ટરે જ્યોતિબહેનને દવા આપી. માંદાં હતાં જ્યોતિબહેન અને (કદાચ) તેની અસર થઈ પરેશભાઈને.

એ જ દિવસે, પાંચમી સપ્ટેમ્બર, ૨૦૧૭ની સાંજે તેમના ઘરની અંદરના રૂમમાંથી બેઠકરૂમમાં આવતી વખતે અચાનક પરેશભાઈ ઢળી પડ્યા. એમ કહો કે ઢગલો જ થઈ ગયા.

જ્યોતિબહેન ખાસ્સાં પંદરેક દિવસ બેભાન રહ્યાં હતાં. એ વખતની કોઈ સ્મૃતિ પણ તેમને નથી.

આ આંચકો નહોતો, જીવલેણ આઘાત હતો.

પરેશભાઈની અણધારી વિદાય જ્યોતિબહેન, બૃહદ પંડ્યા પરિવાર અને તેમના મિત્રોને ચોધાર રડાવી ગઈ. કોઈ માનવા જ તૈયાર નહોતું કે સતત હસતો —રમતો કાર્યરત રહેતો માણસ આ રીતે અદ્રશ્ય થઈ જાય. નખમાંય રોગ નહીં મૃત્યુ જેટલું નિશ્ચિત એટલું જ અનિશ્ચિત હવે શું ? જ્યોતિબહેન માટે મોટો પ્રશ્ન હતો. તેમને કોઈ સંતાન નહોતું.

ધીમે ધીમે જ્યોતિબહેન સ્વસ્થ થયાં. સમય મોટી દવા હોય છે. પુરુષની વિદાય પછી સ્ત્રી જાતને ઝડપથી સંભાળી શકતી હોય છે કારણ કે ઈશ્વરે તેને એવી વિશેષ શક્તિ આપી છે.

જ્યોતિબહેને પરેશભાઈની સ્મૃતિમાં અનેક સમાજોપયોગી કાર્યો કર્યાં. પરેશભાઈના પ્રિય એએમએને પાંચ લાખ રૂપિયા ડોનેટ કર્યા.

ખાસ તો તેમનાં પુસ્તકોનું શું કરવું એ સૌથી મોટો પ્રશ્ન હતો. પરેશભાઈ પુસ્તકોના જબરજસ્ત એમ કહોને કે ગાંડા શોખીન હતા. પત્રકાર કાંતિ ભટ્ટની જેમ જ તે પોતાની મોટાભાગની કમાણી પુસ્તકો ખરીદવામાં જ વાપરતા હતા.

મેનેજમેન્ટ, સાયકોલોજી, જીવન-દર્શન, મોટીવેશનલ, ફિલ્મો, કૉમ્પ્યુટર, આઈટી...તેમના રસના વિષયો અધધધ હતા અને કીંમતની ચિંતા કર્યા વિના તેઓ પુસ્તકો ખરીદતા. વિદેશ જાય તો પુસ્તકો ખરીદીને કુરિયરથી ઘરે- મોટાં મોટાં બોક્ષમાં- મોકલતા. આ બધાં પુસ્તકો કીંમતની રીતે તો ઊંચા જ, સાથે સાથે તેની ગુણવત્તા પણ ટોચની. ૧૬૦૦૦થી વધુ પુસ્તકોની બજાર કીંમત એક કરોડ રૂપિયા જેટલી તો આંકી શકાય.

આ પુસ્તકોને જ્યોતિબહેન યોગ્ય સ્થળે આપવા માગતાં હતાં. તેમણે ખૂબ તપાસ કરી. જુદી જુદી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં ફર્યાં. એ પછી દક્ષિણ ગુજરાતમાં બારડોલીમાં આવેલી ઉકા તલસાણિયા યુનિવર્સિટીમાં તેમણે તમામ પુસ્તકો ભેટ આપ્યાં. પુસ્તકો આપતાં પહેલાં તેઓ જાતે ત્યાં ગયાં. બધુ જોયું. યુનિવર્સિટીનું સાત માળનું પુસ્તકાલય જોઈને રાજી થયાં.

અનુસંધાન પાના નં. ૭ પર

# વિરહની કારમી વેદનાની પીડા ભોગવવા કરતાં ભૂલી જવી વધુ યોગ્ય વિકલ્પ....

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી



બાળક હતો, ત્યારે બધાં કહેતા મને -
- કે કશું યાદ નથી રહેતું તને. - બઉ ભૂલકણો.
- બધું ભૂલી જાય છે.
આવો ને આવો રહીશ - તો દુઃખી થઈશ.
મોટો થયો, ત્યારે બધાં મને કહે છે -
- કે શું બધું યાદ રાખવાનું -
- કશું ભૂલતો જ નથી.
- ભૂલી જવાનું બધું.
આવો ને આવો રહીશ તો - દુઃખી થઈશ.

- જિગર ગઢવી

યાદ રાખવું, યાદશક્તિ વધારે હોવી અને મનમાં બધું સંઘરી રાખીને એને હંમેશા યાદ રાખવું એ ત્રણેય બાબતો આમ એકસમાન લાગે પણ પરિસ્થિતિને અનુરુપ તેના પ્રકાર અલગ હોઈ શકે. ફેસબુકના કે વોટ્સએપના અમુક મેસેજીસ આપણને એવા યાદ રહી જાય કે સીધા મનમાં ઉતરીને આપણા મસ્તિષ્કમાં તેની એક કાયમી છાપ પડી જાય અને અમુક મેસેજીસ વાંચીને એની બીજી જ ક્ષણે ભૂલી જવાય! નાના બાળકને મા- બાપ, શિક્ષકો અને આજુબાજુની દરેક પરિસ્થિતિમાંથી ઘણું-બધું શીખવા મળે છે. અમુક બાબતો તેના નાનકડાં મગજમાં કમ્પ્યુટરની જેમ ફીડ થઈ જાય છે અને અમુક બાબતો લાખ-પ્રયત્નો છતાં તેને યાદ રહેતી નથી. ત્યારબાદ વાત આવે મુગ્ધાવસ્થાની કે જેમાં યાદશક્તિનો અર્થ પ્રેમ, વિરહ અને ભીની ભીની સંવેદનાઓનો રૂપમાં હોય છે. અમુક ચોક્કસ સ્થળ, અમુક વાત, નજરનું ટકરાવું ને એવી કેટલીય નાની-નાની બાબતો પણ આ અવસ્થામાં એક વિશેષ યાદગાર સ્થાન આપણા મન-મસ્તિષ્કમાં જમાવી દેતી હોય છે. અલબત્ત, આ અવસ્થામાં પણ ભણવાની વાતો તો યાદ રાખવી મુશ્કેલ જ હોય છે. મુગ્ધાવસ્થા કે તરુણાવસ્થા બાદ જયારે વ્યક્તિ પરિપક્વ બને ત્યારે જે વાત એણે ભૂલી જવાની હોય છે તે જતું કરવાના અર્થમાં તેને કહેવામાં આવતી હોય છે. અને એ પછીની અવસ્થા એટલે કે ઘડપણમાં શારીરિક મર્યાદાઓને કારણે ભૂલી જવાની વાત! આમ, આ યાદ રાખવું કે ભૂલી જવું એ બાબત આપણા જીવનમાં કેટકેટલી અનોખી રીતે સંકળાયેલી છે અને દરેક તબક્કે તેનું સ્વરુપ કેવું જુદું જુદું છે એ એક વિચારવાયોગ્ય બાબત છે. વિજય રાજયગુરુ લખે છે કે,

'ગત સમયમાં પગ ઝબોળી દુર્ગ ઊભો છે હજી,
સાંભરણનાં જળ ડખોળી દુર્ગ ઊભો છે હજી,
ભીંતરમાં પીપળ ઉગાડી, કાંગરા ખેરી ખડો,
આંખમાં ઈતિહાસ ધોળી દુર્ગ ઊભો છે હજી.
હાકડા, પડકાર, હલ્લા, હણહણાટી સાંભળે,
યાદની તલવાર તોળી દુર્ગ ઊભો છે હજી.'

યાદોની આ સફરમાં સ્ત્રી અને પુરુષો વચ્ચે પણ તફાવત જોવા મળે છે. પુરુષોને નાની-નાની બાબતો, યાદ રહેતી નથી અને સ્ત્રી માટે આ નાની-નાની બાબતો જ તેના જીવનની સૌથી મોંઘી મહામૂલી પૂંજી હોય છે. જો કે, તેમાં પણ સંવેદનશીલ પુરુષોને આ પ્રકારની બાબતો યાદ હોય તેવું બની શકે છે. આપણી સૌથી વધુ નજીક હોય તેવી વ્યક્તિ પાસેથી આપણી અપેક્ષાઓ હંમેશા સૌથી વધુ હોય છે. પારકી વ્યક્તિને ઘણી મોટી ભૂલ માટે પણ સહેલાઈથી માફ કરી દેનારા આપણે મનગમતી વ્યક્તિની નાનામાં નાની ભૂલને લઈને કયારેક દિવસો, કયારેક મહિનાઓ તો કયારેક આખી જિંદગી મનમાં સંઘરીને બેસી રહીએ છીએ. જે સંબંધ આપણા માટે દુનિયામાં સૌથી વધુ મહત્ત્વનો હોય તેનાથી જ સૌથી વધુ અપેક્ષા હોવાને કારણે કયારેક આખેઆખા સંબંધની આહુતિ અપાઈ જતી હોય છે. આપણે સૌએ આ વાત જીવનમાં કયારેક તો અનુભવી જ હશે. અને આપણે એ પણ જાણીએ છીએ કે આવું વર્તન કરવામાં આપણે પોતે અને જેની સૌથી વધુ નજીક છીએ એ બંને જ સૌથી વધુ પીડા ભોગવવાના હોવા છતાં આપણી જાતને રોકી શકતા નથી.

વિરહની એ કારમી વેદનાની પીડા ભોગવવા કરતાં ભૂલી જવું કે જતું કરવું એ જ વધુ યોગ્ય વિકલ્પ છે. નહિ તો, વિરહની એ ક્ષણને વિદાય બનતા વાર નથી લાગતી. પ્રહ્લાદ પારેખ લખે છે,

'કદી નહિ કહું,' મને જ સ્મરણે સદા રાખજે,'
અને નયનપંથનું અવર વિશ્વ તું ત્યાગજે;
પરંતુ ગગનાંગણે, અવિનમાં અને સિંધુમાં,
મળે અધિક જે તને મુજ થકી, ઉરે થાપજે.
પરસ્પર કરી કથા રજનિ ને દિના ગાળિયા,
અનેક જગતો રચી સ્વપ્નમાં, વળી ભાંગિયાં;
કઠોર થઈને કદીક તુજ આંસુ જોયા કર્યા,
કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં,
મળે અધિક ઉજળા દિન અને મીઠી રાતડી,
જજે સકલ તો ભૂલી રજનિ ને દિનો આપણાં;
રચે સ્વપ્ન ભવ્ય કો જગતનું બીજા સાથમાં,
ભલે વીસરજે પછી જગત આપણે જે ઘડ્યા.
છતાંય સ્મરણે ચડી વિપળ એક જો હું લઉં,
ઉદાર તવ ઉરની પ્રથમની ક્ષમા તો ચહું.'

યાદ રાખવાની, ભૂલી જવાની અને યાદ રાખવા છતાં ભૂલી જવાની તથા ભૂલી ગયા પછી પણ યાદ રાખવાની આ આખીયે પ્રક્રિયા જીવનમાં નિરંતર ચાલ્યા જ કરે છે. જીવનરુપી આ અંતરપટમાં અવિરતપણે ખૂબ કાળજીપૂર્વક જે યાદ છે તેની સાથોસાથ ખૂબ સંભાળપૂર્વક જે ભૂલી જવાનું છે તે પણ જો સમજાઈ જાય તો જીવન હંમેશા સારી-સુંદર બાબતોથી જ મહેંકતું અને મઘમઘતું રહે!

-પ્રીતમલાલ મજમુંદાર

- nehalgadhavi101@gmail.com

# સાંયોગિક પુરાવાનાં આધારે પણ સજા થઈ શકે

## (પુરાવાનાં અભાવે જાહેર સેવકને નિર્દોષ છોડી ના શકાય)

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી



સરકારી કમેચારી વિરૂધ્ધ ભ્રષ્ટાચાર અંગેનાં કોઈ પ્રત્યક્ષ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ના હોય છતાં સાંયોગીક અને પરિસ્થિતિજન્ય પુરાવાનાં આધારે દોષિત ઠેરવી શકાય છે. સરકારી કમેચારી દ્વારા લાંચ માંગવાના સીધા પુરાવા ના હોય તો પણ તેમને ભ્રષ્ટાચાર નિવારણ ધારા મુજબ દોષિત માની સજા કરી શકાય છે.

સુપ્રિમ કોટેનાં પાંચ જજોની બંધારણીય ખંડપીઠે ઠરાવ્યું છે કે, ભ્રષ્ટ અધિકારીઓ સામે કેસ કરીને તેમને દોષિત ઠરાવવા જોઈએ. લાંચ માંગવાની સીધા પુરાવાની જરૂર નથી. દેશમાં ભ્રષ્ટાચાર એ કેન્સર સમાન છે. જેનાથી વહીવટી તંત્રનાં સમગ્ર અંગો ઉપર અસર થાય છે. ગુનેગાર પુરવાર થાય તે માટે ફરીયાદ કરનાર તથા તેમના પક્ષે નિષ્ઠાપૂવેકનાં પ્રયાસો કરવા જોઈએ. કોટેમાં હોસ્ટાઈલ (ફરી ગયેલા સાક્ષી) થવું જોઈએ નહી.

સાક્ષી કે ફરીયાદીના પ્રત્યનાં કારણે સીધા પુરાવા ઉપલબ્ધ ના હોય તો પણ ભ્રષ્ટાચાર નિવારણ એકટ, ૧૯૮૮ની કલમ-૧૩ મુજબ પણ તેને દોષિત ઠરાવવા જરૂરી નથી. તેમજ કોઈ પ્રત્યક્ષ પુરાવા દોષિત ઠરાવવા જરૂરી નથી. તેમજ કોઈ પ્રત્યક્ષ પુરાવા ના હોય ત્યારે તે પરિસ્થિતિ ગત પુરાવા દ્વારા પણ કેસ સાબિત કરી સજા તથા દંડ ફરમાવી શકાય છે. ભ્રષ્ટાચાર આરતા સરકારી કમેચારીઓ સામે ગુનો દાખલ થાય અને તેઓ ગુનેગાર પુરવાર થાય તે માટે ફરીયાદ કરનારા તથા તેમના પક્ષે નિષ્ઠાપૂવેકનાં પ્રયત્નો કરવા જોઈએ. માત્ર ફરીયાદ કરેથી જ પતી જતું નથી. કેસ પુરવાર કરવા સાક્ષી જુબાની પણ કોટેમાં આપવાની હોય છે અને ફરીયાદ હકીકતને સમથેન આપવું પડે છે, પરંતુ ઘણા કેસોમાં ફરીયાદ થયા બાદ આરોપી સાથે સાંઠગાંઠ થતાં ફરીયાદી હોસ્ટાઈલ પુરવાર થાય છે તે પોતાની ફરીયાદથી ફરી જાય છે અને વિપરિત આરોપીનાં બચાવમાં જુબાની તથા ઉલટ તપાસ આપે છે, પરંતુ વહીવટી સાધનને સ્વચ્છ અને ભ્રષ્ટાચારથી મુકત બનાવવું હોય તો માત્ર ફરીયાદ જ નહી પરંતુ કોટેમાં તેને સાબિત કરવા માટે પણ ફરીયાદનાં નિષ્ઠાપૂવેકના પ્રયત્નો હોવા જોઈએ. માત્ર પોલીસ કે સરકારી વકીલની ઉપર મદાર ના રાખતા સાંયોગિક પુરાવા કેસ ને સમથેન આપતા હોય, પંચનામું ફોરેન્સીક લેબમાં નોટની ચકાસણી ફિંગર પ્રિન્ટ મળી આવેલ મુદ્દામાલ તેમજ આરોપીએ ફરીયાદી સાથે કરેલ ટેલીફોન વાતોલાપની સીડી., પેનડ્રાઈવ આરોપી સાથેનાં વોઈસ પ્રુફ થી ફોરેન્સિક ચકાસણી કરેલ હોય તેના સટીફીકેટ તથા ફોરેન્સીક અધિકારીની જુબાની, સાક્ષી, પંચો તથા તપાસ અધિકારીની જુબાની ફરીયાદની હકીકતને સમથેન આપતા હોય તો તેને સાંયોગિક પુરાવા માની આરોપીને સજા ફરમાવી શકાય છે. શકનો લાભ આપી છોડવા જોઈએ નહી. તેવું સુપ્રિમ કોટેની ખંડપીઠે તાજેતરમાં જણાવ્યું છે. આ ચુકાદાથી કોટેમાં ચાલતા ઘણાબધા ભ્રષ્ટાચારનાં કેસોને અનુમોદન મળશે અને સજા કરવાનું જજને કારણ પણ મળશે.

સુપ્રિમ કોટે દેશની તમામ અદાલતોને ભ્રષ્ટાભારનાં કેસમાં આરોપી પ્રત્યે સહેજ પણ કુંણું વલણ ના દાખવવા જણાવેલ છે, જેનું પાલન દેશની તમામ કોટોએ કરવું પડશે. સો ગુનેગાર ભલે છૂટી જાય પણ એક નિદોષને સજા ના થવી જોઈએ. તે ઉક્તિને આવા કેસો જોડે ના મૂલવવા જોઈએ.માત્ર ટેકનીકલ ખામીનાં કારણે આરોપીને મુકત ના કરવો જોઈએ.

ફરીયાદીનાં અથવા પંચ કે સાક્ષીનાં મૃત્યુ અથવા અન્ય્ કારણોસર સીધા પુરાવા ઉપલબ્ધ ના હોય તો તેવા સંજોગોમાં સંબંધિત જોગવાઈઓને આધારે સરકારી કમેચારીને દોષિત ઠેરવી શકાય છે. સાંયોગિક પુરાવાથી ફરીયાદી પાસેથી આરોપીએ લાંચની રકમની માંગણી કરેલ અને તે રકમ અધિકારીએ જપ્ત કરેલ હોય જેનાં ઉપર આરોપીનાં આંગળાની છાપ હોવા માત્ર સજા કરવાનું પૂરતું કારણ છે. ફરીયાદી મૃત્યુ થાય અગર તો તેના નિવેદનથી ફરી જાય અથવા કોઈ સ્ટેન્ડ ના લેતા હોય તો પણ કોટે કાયેવાહીમાં આપમેળે ઘટાડો થતો નથી કે જાહેર સેવકને નિદોષ ઠરાવી શકતો નથી. આવા સંજોગોમાં બીજા પુરાવા કે જુબાની સાથે કેસ પુરવાર કરી શકાય છે.

૨૦૧૫માં અદાલતે ઠરાવ્યું હતું કે, પ્રાથમિક પુરાવાને અભાવ હોય તો જાહેર સેવકને નિદોષ છોડવો જોઈએ. જે ચુકાદાને બંધારણીય ખંડપીઠે ફેરવી તેની સાંયોગિક પુરાવાથી પણ જાહેર સેવકને સજા થઈ શકે તેવું ઠરાવ્યું છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- www.trivediassociates.in